BUSINESS મિત્ર

પોઝિટિવ સંકેતો છતાં ઉપલા સ્તરેથી પ્રોફિટ બુકિંગ હાવી; રોકાણકારોની સંપત્તિ ૧.૬૪ લાખ કરોડ વધી

બજારમાં ‘બેઉતરફી’ જંગ: શરૂઆતી ઉછાળો નફાવસુલીમાં ધોવાયો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 21: નિફ્ટી વીકલી એક્સપાયરીના પગલે શેરબજારમાં બેઉતરફી વધઘટ રહી હતી. વૈશ્વિક પોઝિટિવ સંકેતોના પગલે શેરબજારમાં ગેપ અપ ઓપનીંગ થયું હતું, પરંતુ ફરીથી ઉપલા સ્તરેથી નફાવસુલીના પગલે મુડ બદલાયો હતો. નિફ્ટી વીકલી એક્સપાયરીના પગલે નફાવસુલી રહી હતી અને આરબીઆઇ દ્વારા વ્યાજદર વધારાના કાણે અમેરિકા અને ઇરાન વચ્ચેના સોદાની અપેક્ષાઓ અને પ્રારંભિક વેપારમાં રૂપિયાની મજબૂતીની અપેક્ષાઓ ઝાંખી પડી ગઇ હતી.

સેકટર વાઇઝ જોઇએ તો રિયલ્ટી સિવાયના તમામ સેકટરમાં એક ટકાથી ઓછી વધઘટ થઇ હતી. એફેમસીજી અને આઇટીએ આજે બજાર પર દબાણ લાવવાનો પ્રયાસ કર્યો હતો. જેનો નિફ્ટી ઇન્ડેક્સ આજે અડધાથી વધુ ઘટ્યો હતો. લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપમાં રૂ. 1.64 લાખ કરોડનો વધારો થયો છે.

બીએસઇ સેન્સેક્સ 135.03 પોઇન્ટ એટલે કે 0.18 ટકા ઘટીને 75183.36 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 75945 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે 74996 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 4.30 પોઇન્ટ એટલે કે 0.02 ટકા ઘટીને 23654.70 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 23859 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23596 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 122.80 પોઇન્ટ એટલે કે 0.23 ટકા ઘટીને 53439.40 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે ઇન્ટરનેશનલ જેમોલોજીકલમાં 9.84 ગણા, જ્યુબીલન્ટ ફુડવર્કસમાં 7.37 ગણા, સમ્માન કેપિટલમાં 5.66 ગણા, મહારાષ્ટ્ર સ્કુટરમાં 4.61 ગણા અને ડો. અગ્રવાલ હેલ્થકેરમાં 3.67 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે જેએસડબલ્યુ સિમેન્ટમાં 35.43 ગણા, હનીવેલ ઓટોમેશનમાં 34.03 ગણા, આરએચઆઇ મેગ્નેસીતામાં 26.86 ગણા, આઇઆરબી ઇન્ફ્રાસ્ટ્રકચરમાં 22.78 ગણા અને જ્યુબીલન્ટ ફુડવર્કસમાં 10.84 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં ધીમો સુધારો જોવાયો હતો. જે ફ્રન્ટલાઇન શેરોમાં મજબૂતાઇ જોવા મળી હતી. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.18 ટકા અ સ્મોલકેપ ઇન્ડેક્સ 0.70 ટકા સુધર્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યો હતો. બીએસઇ ખાતે 2412 શેરો વધ્યા હતા, જ્યારે 1764 શેરો ઘટ્યા હતા જ્યારે 203 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી રિયલ્ટી શેરોમાં ધીમો સુધારો જોવાયો હતો. જેમાં નિફ્ટી રિયલ્ટી ઇન્ડેક્સ 1.05 ટકાનો સુધારો જોવાયો હતો. જેમાં અનંતરાજ, ફોનીક્સ મીલ્સ, ઓબેરોય રિયલ્ટી, શોભા અને ગોદરેજ પ્રોપર્ટીઝ, ડીએલએફ, લોઢા ડેવલપર્સ સુધારા સાથે બંધ રહ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુકે અને ફ્રાન્સ માટે પીએમઆઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ સંકોચનનો સંકેત આપ્યો હોવા છતાં યુરોપિયન બજારો સુધારા સાથે ખુલ્યા બાદ લાલ નિશાનમાં આવી ગયા છે. જ્યારે વોલસ્ટ્રીટ પર રાતોરાત લાભ હોવા છતાં મોટા ભાગના એશિયન બજારો પોઝિટિવ બંધ રહ્યા હતા. જોકે, જાપાનનો નિક્કી સુધારા સાથે બંધ રહ્યો હતો. જાપાનના વેપાર ડેટા જાહેર થયા પછી જાપાનનો નીક્કી 3 ટકાથી વધુ ઉછાળો આવ્યો હતો. સરકારી આંકડા અનુસાર, આયાત વાર્ષિક ધોરણે 9.7 ટકા વધી છે, જે અપેક્ષિત 8.3 ટકા વધારા કરતા વધઉ છે. દેશનું વેપાર સંતુલન એપ્રિલમાં ઘટીને 30.1.9 અબજ યેન થયું હતું.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.32 ટકા, કેક 0.50 ટકા અને ડેક્સ 0.89 ટકા ઘટાડા સાથે આગળ વધી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 3.14 ટકા, સ્ટ્રેઇટસ 0.02 ટકા, તાઇવાન 3.26 ટકા, કોસ્પી 7.76 ટકા ઉછાળા સાથે બંધ રહ્યા હતા. જ્યારે હેંગસેંગ 1.01 ટકા ને શાંઘાઇ 2.08 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

રૂપિયો ઘટતો અટક્યો, 64 પૈસા સુધર્યો

અમદાવાદ, તા. 21: ડોલર વધુને વધુ મજબૂત થઇ રહ્યો છે, ત્યારે ડોલરની સામે રૂપિયો વધુ નબળો પડતો અટકાવવા માટે આરબીઆઇ વ્યાજદર વધારવાનું વિચારી રહી છે, જેના લીધે પ્રત્યાઘાતી સુધારો જોવાયો હતો. આજે ડોલરની સામે રૂપિયો 64 પૈસા સુધરીને 96.19ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 96.83ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 111.86, પાઉન્ડ 130.00, કેનેડિયન ડોલર 69.71, ઓસ્ટ્રેલિયન ડોલર 68.29, જાપાનીઝ યેન 0.6046 અને સીંગાપોર ડોલર 75.15ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર	
ડોલર	96.19 રૂ.
યુરો	111.86 રૂ.
પાઉન્ડ	130.09 રૂ.
યેન	0.6046 રૂ.

સેન્સેક્સ	-135.03	75183.36
નિફ્ટી	-4.30	23654.70
બેન્ક નિફ્ટી	-122.80	53439.40

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ગ્રાસીમ ઇન્ડ.	6.17	3154.50
ઇન્ટરગ્લોબ	3.25	4403.00
અપોલો હોસ્પિટલ	2.85	8308.50
બજાજ ઓટો	1.95	10667.00
ટ્રેન્ટ	1.72	4170.40

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
બજાજ ફાઇનાન્સ	1.67	907.65
એચયુએલ	1.37	2179.00
ટેક મહિન્દ્રા	1.32	1420.00
ટાટા કન્ઝ્યુમર	1.14	1194.90
બજાજ ફિનસર્વ	1.12	1752.20

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇન્ટરગ્લોબ	3.16	4398.00
ભારત ઇલે.	1.77	420.70
ટ્રેન્ટ	1.75	4170.05
અદાણી પોર્ટસ	1.12	1793.20
અલ્ટ્રાટેક સિમેન્ટ	0.95	11510.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
બજાજ ફાઇનાન્સ	1.74	907.75
ટેક મહિન્દ્રા	1.44	1419.00
એચયુએલ	1.37	2178.80
ઇન્ફોસીસ	1.27	1181.65
બજાજ ફિનસર્વ	1.25	1750.10

લોન ધારકો તૈયાર રહે: જૂનથી મોંઘી થશે હોમ લોન અને EMI!

આરબીઆઈ વ્યાજદરમાં વધારો કરે તેવી પ્રબળ સંભાવના; સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડના અર્થશાસ્ત્રીઓએ આપ્યા સંકેત

નવી દિલ્હી, તા. 21: આવતા મહિને યોજાનારી મોનેટરી પોલિસી કમિટીની બેઠકમાં મોટા નિર્ણયો લેવામાં આવી શકે છે. રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા વ્યાજદરમાં વધારો કરે તેવી પ્રબળ સંભાવના છે. વ્યાજદર એટલે કે રેપોરેટમાં વધારો થઇ શકે છે, એવો સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડના અર્થતંત્રીઓએ આવો અંદાજ લગાવ્યો છે.

રેપો રેટમાં વધારાનો સીધો અર્થ એ ચે કે હોમ લોન મોંઘી થઇ જશે અને ફ્લોટીંગ રેટ લોન લેનારાઓની ઇએમઆઇ પણ વધી શકે છે. રેપો રેટ ઘટતા ફ્લોટીંગ રેટમાં લોન લેતી લોનની ઇએમઆઇ વધઘટ થાય છે. જોકે, નિશ્ચિત દરે લોન લેનારાઓની ઇએમઆઇમાં કોઇ ફેરફાર કરવામાં આવ્યો નથી.

સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડના અર્થશાસ્ત્રીઓએ જણાવ્યું હતું કે, ક્રુડ ઓઇલના વધતા ભાવને કારણે ફુગાવાનું જોખમ વધતું હોવાથી ભારતની મધ્યસ્થ બેન્ક જુનથી જ વ્યાજદરમાં વધારો કરવાનું શરૂ કરી શકે છે. હાલમાં રેપો રેટ 5.25 ટકા છે. એટલે કે કેન્દ્રીય બેન્ક હાલમાં અન્ય બેન્કોને પણ આ જ દરે વ્યાજ આપી રહી છે.

સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડના ભારત સ્થિત અર્થશાસ્ત્રી અનુભવી સહાય અને સૌરવ આનંદે એક નોંધમાં જણાવ્યું હતું કે વૈશ્વિક યીલ્ડમાં વધારો અને અન્ય એશિયન સેન્ટ્રલ બેન્કો દ્વારા રેટ વધારાને કારણે પોલિસી રેટમાં વધારો થઈ શકે છે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની રેટ સેટિંગ કમિટી 5 જૂને તેના દરો અંગે નિર્ણય લેવાની છે. ઇરાન યુદ્ધની શરૂઆત પછી સમિતિની આ બીજી બેઠક હશે. ગયા મહિને, આરબીઆઈએ કહ્યું હતું કે તે આ સંઘર્ષને કારણે થતા વિક્ષેપોના સમયગાળા અને તેની અસર પર નજર રાખશે. ભારતના રાતોરાત ઇન્ડેક્સ સ્વેપ આગામી 12 મહિનામાં દરોમાં 125 બેસિસ પોઇન્ટના વધારાનો અંદાજ લગાવી રહ્યો છે.

ભારતનો રૂપિયો હાલમાં 96ની ઉપર કારોબાર કરી રહ્યો છે. થોડા દિવસો પહેલા તે 96.970ની ઓલટાઇમ નીચી સપાટીએ પહોંચ્યો હતો. આરબીઆઇ હવે ઘટતા રૂપિયાને બચાવવા માટે કડક પગલાં લઈ શકે છે. સમાચાર એજન્સી રોઇટર્સના અહેવાલ અનુસાર, ત્રણ બેન્કરોએ જણાવ્યું હતું કે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ બજાર ખુલતા પહેલા જાહેર ક્ષેત્રની બેંકો દ્વારા મોટી માત્રામાં ડોલર વેચીને રૂપિયાના સતત ઘટાડાને રોકવાનો પ્રયાસ કર્યો હતો. આરબીઆઇ રૂપિયાને બચાવવા માટે મજબૂતીથી કામ કરી રહી છે. આવી સ્થિતિમાં તે 3થી 5 જૂન વચ્ચે યોજાનારી મોનેટરી પોલિસી મીટિંગમાં રેપો રેટમાં વધારો કરી શકે છે.

એફએમસીજી સેકટરમાં માગમાં મંદીની આશંકાએ ચિંતા ઉભી થઇ

જો ખપત ધીમી પડશે, તો વૃદ્ધિદરને નુકશાન થઇ શકે

નવી દિલ્હી, તા. 21: ભારતીય અર્થવ્યવસ્થાની મોટી તાકાત ફેક્ટરીઓ નહીં પરંતુ બજારો છે. ગામમાં કરિયાણાની દુકાનથી લઇને શહેરના મોલ સુધી જે ખર્ચ થાય છે તે આર્થિક વિકાસની વાસ્તવિક ધબકારા છે. આ જ કારણ છે કે વપરાશમાં થોડી મંદી પણ અર્થવ્યવસ્થાને મોટો ફટકો આપી શકે છે. તે પણ એવા સમયે જ્યારે દેશ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવ, ક્રુડ ઓઇલના ઉંચા ભાવો, વિદેશી રોકાણકારોનો સતત મુડીપ્રવાહ, ડોલર સામે રૂપિયાનું રેકોર્ડ અવમુલ્યન અ વધતા આયાત બિલ જેવા સંકટો સામે ઝઝુમી રહ્યો છે. વાસ્તવમાં, ભારતની અર્થવ્યવસ્થાનો સૌથી મોટ આધાર ઘરેલું ખર્ચ છે. સ્થાનિક જીડીપીમાં ખાનગી વપરાશનો હિસ્સો 57 ટકા છે. એટલે કે લોકોના ખિસ્સા, લોકોની ખરીદી અને વિશ્વાસ એ જ વિકાસનું સૌથી મોટું એન્જિન છે. ડિસેમ્બર 2025 કવાર્ટર દરમ્યાન ખાનગી વપરાશ વધીને જીડીપીના 57.5 ટકા થયો હતો.

ચિંતામાં વધારો થઇ રહ્યો છે કેમ કે છેલ્લા ત્રણ મહિનામાં ઘણી એજન્સીઓએ ભારતના વિકાસ દરના અંદાજમાં ઘટાડો કર્યો છે. સંયુક્ત રાષ્ટ્રએ 2026 માટે જીડીપી દર 6.6 ટકાથી ઘટીને 6.4 ટકા કર્યો છે. મુડીઝે પણ 6.8 ટકાથી ઘટાડીને 6 ટકા કર્યો છે. ઇન્ડિયા રેટિંગ્સે પણ જીડીપી દર 6.7 ટકા કર્યો છે. એટલે કે ભારત વર્થમાન સંકટમાં પણ ઝડપથી વિકસતું અર્થતંત્ર બની રહ્યું છે, પરંતુ બાહ્ય આંચકાઓથી અસ્પૃશ્ય નથી.

મહત્વની વાત એ છે કે રોજિંદા માલસામાન સાબુ, તેલ, બિસ્કીટ, શેમ્પુ, ચા, પેકેજ્ડ ફુડસ વગેરે વસ્તુઓના દેશના વપરાશનો તીવ્ર સંકેત આપે છે, જેની નબળી માગ છે. આઇએમડીની પ્રારંભિક આગાહી સુચવે છે કે દક્ષિણ-પશ્ચિમ ચોમાસુ નબળું રહી શકે છે. નબળા વરસાદની અસર સીધી ખેતરથી રસોડામાં આવે છે.

મે-જુલાઇ 2026માં અલનીનોના ઉદભવની સંભાવના 82 ટકા છે અને શિયાળા સુધી ચાલવાની સંભાવના 96 ટકા છે.

જો ખપત ધીમી પડશે, તો તેની અસર એફએમસીજી સુધી મર્યાદિત રહેશે હનીં. ઓટો, સિમેન્ટ, ટેકસટાઇલ્સ, ઇલેકટ્રોનીક્સ, નાના વ્યવસાયો, જીએશટી કલેકશન અને રોજગાર વગેરે પર દબાણ રહેશે.

યુએને ભારતના વિકાસ દરનો અંદાજ ઘટાડ્યો

આમ છતાં, ભારત હજુય પણ સૌથી ઝડપી અર્થવ્યવસ્થા રહેશે

નવી દિલ્હી, તા. 21: વૈશ્વિક અનિશ્ચિતતા અને પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવ હવે વિશ્વભરની મોટી અર્થવ્યવસ્થાઓના આર્થિક અંદાજો પર સ્પષ્ટપણે અસર કરી રહ્યા છે. સંયુક્ત રાષ્ટ્રએ તાજેતરમાં વૈશ્વિક આર્થિક આંચકાઓને ટાંકીને વર્ષ 2026 માટે ભારતના વિકાસ દરની આગાહી 6.6 ટકાથી ઘટાડીને 6.4 ટકા કરી દીધી છે. તાજેતરમાં યુનાઇટેડ નેશન્સ ડિપાર્ટમેન્ટ ઓફ ઇકોનોમિક એન્ડ સોશિયલ અફેર્સ દ્વારા બહાર પાડવામાં આવેલા અહેવાલમાં, તે સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે વૃદ્ધિ દરમાં આ અંદાજિત સુધારા હોવા છતાં, ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થાઓમાંની એક રહેશે.

રિપોર્ટ અનુસાર, પશ્ચિમ એશિયાનું સંકટ વૈશ્વિક અર્થતંત્ર માટે નવો ફટકો સાબિત થઇ રહ્યું છે, જેના કારણે વૃદ્ધિની ગતિ ધીમી પડી છે તેમજ ફુગાવાના દબાણમાં ફરી વધારો થયો છે. 2025માં 7.5 ટકાથી ઘટીને 2026માં 6 ટકા થયું છે, જે મુખ્યત્વે વધતા ઊર્જા આયાત ખર્ચ અને કડક નાણાકીય પરિસ્થિતિઓનું પ્રતિબિંબ છે. યુએન ડીઇએસએના ઇકોનોમિક એનાલિસિસ એન્ડ પોલિસી ડિવિઝનના પ્રભારી વરિષ્ઠ અર્થશાસ્ત્રી ઇંગો પીટરલે સમજાવ્યું હતું કે મીડલ ઇસ્ટમાં આંચકો વૃદ્ધિને ધીમો પાડી રહ્યો છે અને તમામ દેશોમાં ફુગાવો વધારી રહ્યો છે, જે નીતિ નિર્માતાઓ માટે અવકાશને મર્યાદિત કરે છે. વૈશ્વિક સ્તરે પણ પરિસ્થિતિ ચિંતાજનક છે, જ્યાં 2026 માટે વૈશ્વિક જીડીપી વૃદ્ધિની આગાહી હવે માત્ર 2.5 ટકા છે, જે જાન્યુઆરીના અંદાજ કરતા 0.2 ટકા પોઇન્ટ ઓછી છે અને રોગચાળા પહેલાના સ્તરથી ઘણી ઓછી છે.

તમામ બાહ્ય દબાણો અને ઊર્જાની આયાતની વધતી કિંમત હોવા છતાં, ભારતીય અર્થતંત્રના મૂળભૂત સિદ્ધાંતો ખૂબ જ મજબૂત સ્થિતિમાં છે. ઇંગો પીટરલે ભારતના વિકાસને માળખાકીય રીતે ખૂબ જ મજબૂત ગણાવ્યો છે. આ તાકાત મુખ્યત્વે સુધારેલી ગ્રાહક માંગ, ટકાઉ જાહેર રોકાણ અને સેવાઓની નિકાસના મજબૂત પ્રદર્શનને કારણે સંચાલિત છે. આ મુખ્ય પ્રેરક પરિબળો આવનારા સમયમાં મોટા પ્રમાણમાં જળવાઈ રહેવાની અપેક્ષા છે, જે ભારતને ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓની યાદીમાં પોતાનું સ્થાન મજબૂત રીતે જાળવી રાખવાની મંજૂરી આપે છે.

NPA ઝીરો થતાં જ સમ્માન કેપિટલનો શેર ‘રોકેટ’ બન્યો

જોગવાઈઓને કારણે કંપનીને રૂ.૮,૧૦૧ કરોડની રેકોર્ડ ખોટ

ઇન્ટ્રાડેમાં ૧૨%નો ઉછાળો

નવી દિલ્હી, તા. 21: સમ્માન કેપિટલના શેરમાં ખરીદીનું વલણ એટલું મજબૂત જોવા મળ્યું હતું કે પ્રારંભિક ટ્રેડિંગમાં જ તે લગભગ 12 ટકાનો ઉછાળો ભર્યો હતો. માર્ચ 2026 કવાર્ટરના પરિણામો જાહેર થયા છે, જેમાં પોતાની બેલેન્સશીટને એવી રીતે સાફ કરી છે કે જ્યારે એનપીએ શૂન્ય થઇ ગયું ત્યારે શેરને બુસ્ટ મળ્યો અને રોકેટ બની ગયો હતો.

છેલ્લા નાણાકીય વર્ષ 2026 જાન્યુઆરી-માર્ચ 2026નો છેલ્લો કવાર્ટર મોર્ગેજ કેન્દ્રિત સમ્માન કેપિટલ માટે એનપીએ મોરચે ધમાકો હતો. આઇએચસીના રોકાણનો ઉપયોગ કંપની દ્વારા જુના તણાવપુર્ણ લોન પોર્ટફોલિયોને લેખન અને જોગવાઇ કરવા માટે કરવામાં આવ્યો હતો. જેના કારણે માર્ચ કવાર્ટરના અંતે કંપનીનો ગ્રોસ અને નેટ એનપીએ ઘટીને શૂન્ય થઇ ગયો હતો.

આને કારણે કંપનીને ભારે નુકશાન સહન કરવું પડ્યું હતું અ વાર્ષઇક ધોરણે તે રૂ. 324.04 કરોડની ખોટથી ઘટીને રૂ. 8101.40 કરોડની એકીકૃત ખોટમાં આવી ગઇ હતી. આ સમયગાળા દરમ્યાન કંપનીની વ્યાજમાંથી ચોખ્ખી આવક એટલે કે એનઆઇઆઇ 92 ટકા ઘટીને રૂ. 84.3 કરોડ થઇ હતી. કંપનીએ માર્ચ કવાર્ટરમાં નાણાકીય સાધનો પર રૂ. 2958.1 કરોડ અને રૂ. 6499.1 કરોડની પ્રાયોગિક વસ્તુઓ દર્શાવી હતી.

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૬૩૦૮૦
તેજાબી સોનું	૧૬૨૯૯૦
દાગીના-૨૨ કેરેટ	૧૫૪૯૨૫
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૫૯૮૨૦
સોનાનાં બિસ્કીટ	૧૬૩૦૮૦૦
ચાંદી (૯૯૯)	૨૭૧૯૦૦
ચાંદી સિક્કા	૨૭૩૪૦૦

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૪૦૦
એમ-૩૦	૪૩૫૦
એસ-૩૦	૪૨૫૦
ગુજરાત	
એમ-૩૦	૪૨૫૦
એસ-૩૦	૪૧૫૦

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૦૦	કોપરેલ	૫૩૫૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૮૫૦	વનસ્પતિ ઘી	૨૫૯૦
સીંગતેલ (૫ લી)	૯૭૫	સનફ્લાવર	૨૬૫૦
કપાસીયા (૧૫ કિ.)	૨૬૫૦	તલતેલ	૫૧૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૪૦૦	દિવેલ	૨૪૭૦
કપાસીયા (૫ લિ.)	૮૫૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૮૫૦		

યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન રૂા.		૭૫/૩૬ ’’	૧૩૨	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૬૪.૫	૫૦/૩૬ ’’	૧૪૪	૮૦/૭૨ બ્લેક રોટો	૧૪૩
૩૦/૩૬ એફડી	૨૭૨	૫૦/૪૮ SD/ક્રેપ	૨૩૦	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૩૭
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૧	૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૫	૩૦/૧૪ ક્રિમ્પ	૧૪૨
૬૮/૩૬	૧૪૦	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૪૪
૭૨/૩૬ ક્રિમ્પ	૧૩૮	૧૦૦ ટેક્ષ	૧૩૪	૬૮ ક્રિમ્પ	૧૪૧
૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૩	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૩૯
૮૪/૪૮ ક્રિમ્પ	૧૩૪	૮૦/૭૨ રોટો	૧૩૮.૫	૭૫ ક્રિમ્પ	૧૩૮
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ ફોલ્ડર	૧૪૯	૮૦ ક્રિમ્પ	૧૩૫
૮૦/૭૨ રોટો.	૧૩૬.૫	૧૬૦ ડીસ્કેટ	૧૪૯	૮૦/૭૨ રોટો	૧૩૮
૮૦/૩૬ રોટો.	૧૩૭.૫	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૨૯	૮૦/૧૦૮ ’’	૧૩૬	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૩૭

પશ્ચિમ બંગાળમાં ભાજપની સરકાર આવતાં જ ચિકન નેક વિસ્તારનો કબજો કેન્દ્રને સોંપી દેવાયો

ટુંધ પોઇન્ટ ▪ સંજય વોરા ▪

પશ્ચિમ બંગાળમાં સત્તા પરિવર્તન બાદ ચિકનનેક તરીકે વિખ્યાત સિલિગુડી કોરિડોર ફરી એક વાર સમાચારમાં છે. નવી ભાજપ સરકારે આ સંવેદનશીલ વિસ્તારમાં આશરે ૧૨૦ એકર જમીન કેન્દ્ર સરકારને સોંપવાનો નિર્ણય લીધો છે. સરકારનું કહેવું છે કે આ જમીનનો ઉપયોગ સરહદ સુરક્ષા, વાડ, રાષ્ટ્રીય ધોરીમાર્ગો અને અન્ય વ્યૂહાત્મક માળખાકીય વિકાસ કાર્યો માટે કરવામાં આવશે. સિલિગુડી કોરિડોર ભારતના સંરક્ષણ માટે મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે, કારણ કે જમીનનો આ સાંકડો પટ્ટો આઠ પૂર્વોત્તર રાજ્યોને દેશના બાકીના ભાગ સાથે જોડે છે. આ કોરિડોર આશરે ૨૨ કિલોમીટર પહોળો અને ૬૦ કિલોમીટર લાંબો હોવાનો અંદાજ છે. તે નેપાળ અને બાંગ્લાદેશ સાથે પણ સરહદો ધરાવે છે, જે તેને રાષ્ટ્રીય સુરક્ષાના દૃષ્ટિકોણથી અત્યંત સંવેદનશીલ વિસ્તાર બનાવે છે. ભાજપનો આરોપ છે કે અગાઉની તૃણમૂલ કોંગ્રેસ સરકારે સુરક્ષા એજન્સીઓને આ વિસ્તારમાં પૂરતો અધિકાર અને જમીન આપવામાં રસ દાખવ્યો ન હતો.

ભાજપ આરોપ લગાવી રહ્યું છે કે પાછલી ટીએમસી સરકારની નીતિઓને કારણે ખાસ કરીને ઉત્તર બંગાળના સરહદી વિસ્તારોમાં ગેરકાયદેસર બાંગ્લાદેશીઓની ઘૂસણખોરી વધી હતી, જેના કારણે ચિકનનેક કોરિડોરની સુરક્ષા વધુ ચિંતાજનક બની હતી. પશ્ચિમ બંગાળની સરકાર દ્વારા કેન્દ્રને સોંપવામાં આવી રહેલા નેશનલ હાઇ વેના સાતમાંથી પાંચ પટ્ટા સિલિગુડી કોરિડોર અથવા ચિકનનેક કોરિડોરમાંથી પસાર થાય છે . પશ્ચિમ બંગાળ સરકારના તાજેતરના નિર્ણય અંગે અધિકારીઓનું કહેવું છે કે આ સાથે લાંબા સમયથી પડતર હાઇ વેના વિસ્તરણનું કામ ઝડપથી પૂર્ણ થશે તેમ જ વેપાર અને પર્યટનને પણ પ્રોત્સાહન મળશે. આ પ્રોજેક્ટ બિહાર અને પશ્ચિમ બંગાળ વચ્ચે માલદા અને મુર્શિદાબાદ થઈને કનેક્ટિવિટી પણ વધારશે. તેના કારણે નાદિયા અને ઉત્તર ૨૪ પરગણા જિલ્લાઓ દ્વારા બાંગ્લા દેશ સરહદ પર અવરજવર પણ સરળ બનશે. પશ્ચિમ બંગાળમાં સત્તાપરિવર્તન પછી ચિકનનેક બાબતમાં મહત્ત્વનો નિર્ણય લેવાયો છે.

આ ચર્ચા વચ્ચે, ૨૦૨૦ નાં દિલ્હી રમખાણોના આરોપી શરજીલ ઇમામનું એક જૂનું નિવેદન પણ ફરી સમાચારમાં છે, જેમાં તેણે ચિકનનેક કોરિડોર વિશે વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી. શરજીલ ઇમામે કહ્યું હતું કે જો ૫,૦૦,૦૦૦ મુસ્લિમો પણ ભેગાં થાય તો ચિકનનેક વિસ્તારને બ્લોક કરીને ભારતનાં ઉત્તર-પૂર્વીય રાજ્યોને સંપૂર્ણપણે કાપી શકાય છે. શરજીલ ઇમામ આ નિવેદન એટલા માટે આપી રહ્યા હતા, કારણ કે ચિકનનેક મુસ્લિમ બહુમતી ધરાવતો વિસ્તાર છે. આ નિવેદન એટલું ખતરનાક હતું કે શરજીલ ઇમામને આજ સુધી કોર્ટ દ્વારા જામીન આપવામાં આવ્યા નથી. કેન્દ્ર સરકારે ચિકનનેક વિસ્તારને સંપૂર્ણપણે બીએસએફને સોંપવા માટે મમતા બેનરજીને અનેક દરખાસ્તો મોકલી હતી, પરંતુ તેમણે તેમ કરવાનો ઇનકાર કર્યો હતો. ભારત સરકાર આ વિસ્તારમાં ભૂગર્ભ રેલ નેટવર્ક બનાવી રહી છે. જેથી ભવિષ્યમાં રસ્તા અવરોધની સ્થિતિમાં લશ્કરી હિલચાલ ચાલુ રહે અને ઉત્તર-પૂર્વીય રાજ્યોનો ભારત સાથેનો સંપર્ક અકબંધ રહે. ભાજપનો દાવો છે કે નવી સરકારની રચના પછી આ દિશામાં ઝડપથી નિર્ણયો લેવામાં આવી રહ્યા છે. આ મુદ્દો રાજકીય વર્તુળોમાં પણ ચર્ચાઈ રહ્યો છે કારણ કે ભાજપ અને ટીએમસી તાજેતરમાં પશ્ચિમ બંગાળમાં ગેરકાયદેસર અતિક્રમણ સામે બુલડોઝર કાર્યવાહી, પુનઃ મતદાન અને તાજેતરની ચૂંટણીમાં કરવામાં આવેલી હિંસા જેવા મુદ્દાઓ પર ટકરાયા છે.

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ ભારત-બાંગ્લાદેશ સરહદ પર વાડ કરવા માટે સરહદ સુરક્ષા દળ (BSF) ને જમીન સોંપવાની પ્રક્રિયા શરૂ કરી છે. ભારત બાંગ્લા દેશ સાથે ૪,૦૯૭ કિલોમીટરની સરહદ ધરાવે છે. તે પૈકી પશ્ચિમ બંગાળ બાંગ્લા દેશ સાથે આશરે ૨,૨૧૬ કિલોમીટરની આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવે છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આશરે ૩,૨૪૦ કિલોમીટર સરહદ પર વાડ લગાવવામાં આવી છે અને આશરે ૮૫૦ કિલોમીટરમાં વાડ લગાવવાની બાકી છે, જેમાં ૧૭૫ કિલોમીટર મુશ્કેલ ભૂપ્રદેશનો સમાવેશ થાય છે. આ ૧૭૫ કિલોમીટરમાંથી, ૧૨૭ કિલોમીટરમાં હજુ વાડ લગાવવાની બાકી છે. મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ દાવો કર્યો હતો કે મમતા બેનરજીની સરકાર દરમિયાન આ વિભાગના માત્ર ૮ કિલોમીટરમાં જ વાડ લગાવવામાં આવી હતી. કેન્દ્ર સરકારે બંગાળના સરહદી જિલ્લાઓમાં બાંગ્લા દેશ સરહદ પર BSF ના અધિકારક્ષેત્રને ૧૫ કિ.મી.થી વધારીને ૫૦ કિ.મી. કર્યું હતું. આનો અર્થ એ થયો કે BSF ૫૦ કિ.મી. સુધીના વિસ્તારમાં શોધ, ધરપકડ અને જપ્તીની કાર્યવાહી કરી શકે છે. તત્કાલીન મમતા બેનરજી સરકારે આ નિર્ણયને રાજ્યના મામલામાં દખલગીરી ગણાવી હતી. ડિસેમ્બર ૨૦૨૧ માં બંગાળ વિધાનસભાએ તેની વિરુદ્ધ એક ઠરાવ પણ પસાર કર્યો હતો.

ભારત સરકારે હવે ચિકનનેક વિસ્તારમાં ભૂગર્ભ ટનલ બનાવવાની અને રેલવે ટ્રેક નાખવાની યોજનાને અંતિમ સ્વરૂપ આપી દીધું છે. પશ્ચિમ બંગાળના ઉત્તર દિનાજપુર જિલ્લાના તીન માઇલ હાટથી સિલિગુડીથી ૧૧ કિ.મી. દૂર રંગપાણી સુધી લગભગ ૩૬ કિ.મી. લાંબી ટનલમાં રેલવે ટ્રેક નાખવામાં આવશે. આ કોરિડોર ઉત્તર-પૂર્વ ભારત સાથેનું એકમાત્ર જોડાણ છે અને તેનો ઉપયોગ મુસાફરો તેમજ લશ્કરી સાધનો અને સૈનિકોની અવરજવર માટે થાય છે. ચિકનનેક કોરિડોરમાં પ્રસ્તાવિત ભૂગર્ભ રેલવે લાઇન સંપૂર્ણપણે ગ્રામીણ વિસ્તારોમાંથી પસાર થશે. રેલવે નિષ્ણાતો કહે છે કે ત્રણ આંતરરાષ્ટ્રીય સરહદોના આંતરછેદ નજીક લાંબી ટનલ દ્વારા રેલવેના ટ્રેક નાખવામાં આવશે. ભારતીય રેલવેએ આ પહેલાં ક્યારેય આવો પ્રોજેક્ટ હાથ ધર્યો નથી. આ પ્રોજેક્ટ નોર્થઈસ્ટ ફ્રન્ટિયર (NFR) રેલવેની દેખરેખ હેઠળ પૂર્ણ કરવામાં આવશે. અહીં એ ઉલ્લેખ કરવો સુસંગત છે કે પ્રસ્તાવિત રેખા બાંગ્લા દેશ સરહદ નજીક ભારતીય સેના દ્વારા નવાં લશ્કરી થાણાંઓ બનાવી રહેલા ત્રણમાંથી બે વિસ્તારોની ખૂબ નજીકથી પસાર થશે. આમાંથી એક બિહારમાં કિશનગંજ અને બીજું પશ્ચિમ બંગાળમાં ચોપડા છે. ત્રીજું લશ્કરી મથક આસામના ધુબરીમાં બનાવવામાં આવી રહ્યું છે. નેપાળ, ભૂટાન અને બાંગ્લા દેશની આંતરરાષ્ટ્રીય સરહદ પ્રસ્તાવિત ટનલની ખૂબ નજીક છે. આ ભૂગર્ભ રેલવે લાઇન કોઈ પણ કુદરતી આપત્તિ અથવા સુરક્ષા સંબંધિત સમસ્યાના કિસ્સામાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ સાબિત થશે. આનાથી સૈન્યનાં કર્મચારીઓ અને લશ્કરી સાધનો સરહદ પર સુરક્ષિત રીતે પહોંચી શકશે, એટલું જ નહીં, પરંતુ કુદરતી આફતની સ્થિતિમાં રાહત સામગ્રી પહોંચાડવામાં પણ ઘણી સુવિધા મળશે.

નિષ્ણાતો કહે છે કે ચિકનનેક કોરિડોર હંમેશા ભારત માટે વ્યૂહાત્મક રીતે ખૂબ જ મહત્ત્વપૂર્ણ રહ્યો છે. ભારતીય સેનાના નિવૃત્ત બ્રિગેડિયર પ્રબીર સાન્યાલ કહે છે કે જ્યારે હું સિત્તેરના દાયકાના અંતમાં સિક્કિમમાં પોસ્ટેડ હતો, ત્યારે કોઈ પણ અચાનક હુમલાનો સામનો કરવા માટે એક રણનીતિ બનાવવામાં આવી હતી કે જો ચીન સિલિગુડી કોરિડોર અથવા ભૂટાન થઈને ચિકનનેક પર હુમલો કરે તો આપણે શું કરીશું? હવે બાંગ્લા દેશમાં ઘણા લોકો ઘણી વાર ચિકનનેક પર કબજો કરવાની ધમકીઓ આપી રહ્યા છે. આપણે આ બાબતે સાવચેત રહેવું પડશે. હવે જે ભૂગર્ભ રેલવે પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો છે તે ઓછામાં ઓછાં વીસ વર્ષ પહેલાં બનાવવામાં આવવો જોઈતો હતો. દેશમાં બનાવવામાં આવી રહેલી બધી ટનલોમાં એવી વ્યવસ્થા છે કે લશ્કરના જવાનો ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધી તેની અંદર રહી શકે. બાંગ્લા દેશની વર્તમાન સરકાર ભારત માટે પ્રતિકૂળ હોવાથી ચિકનનેકની સુરક્ષા બહુ મહત્ત્વની બની ગઈ છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

શરજીલ ઇમામ નામના આરોપીએ કહ્યું હતું કે જો ૫,૦૦,૦૦૦ મુસ્લિમો પણ ભેગાં થાય તો ચિકન નેક વિસ્તારને બ્લોક કરીને ભારતનાં ઉત્તર-પૂર્વીય રાજ્યોને સંપૂર્ણપણે કાપી શકાય છે

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

કશ્મી ટુરીઝમ
ગોવા મહાબલેશ્વર પંચગીની AC બસ AC હોટલ 28/5 6352474903 (98)

મહાદેવ ટુર એન્ડ
ટ્રાવેલ્સ. મીની વીરપુર, સુરત (ઉજ્જૈન, ઓમકારેશ્વર), (દ્વારકા, સોમનાથ). (શિરડી, સાપુતારા) (આબુ, અંબાજી) (મહારાષ્ટ્ર જ્યોતિર્લિંગ) 7802062340 (106)

સારંગપુર, વીરપુર,
સોમનાથ, દીવ દ્વારકા 3 દિવસ. ખાટુશ્યામ, સાલાસર, સાંવરિયા શેઠ, પુષ્કર, અંબાજી, શ્રીનાથજી, જયપુર 4 દિવસ. ઉજ્જૈન, ઓમકારેશ્વર, 2 દિવસ. 24, 30 મે, 4, 10 જૂન. જયેશ ભટ્ટ. 9909888622.

વ્યવસાયીક ધંધાકીય

વુલન સ્વેટર,
રેઇનકોટ, ઇનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

CM PEST CONTROL
લાઇફ ટાઇમ ખાત્રીપૂર્વક ઉધઇની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

PRESIDENT PEST CONTROL
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

કબૂતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઇક. 9737166947, 8758533196

ઘરબેઠા TV, LCD,
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં, દામીની ઇલેક્ટ્રનિક્સ, અડાજણ, 9898302700

શૈક્ષણિક સંસ્થા માટે અંદાજિત 3,000 વાર જમીન અથવા તૈયાર સ્કૂલ
વેસુની આસપાસ 5 કિલોમીટરના વિસ્તારમાં વેચાણથી અથવા લોંગ લીઝ પર જોઇએ છે
Mo-7069408897, 9909917199

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

મિલ્કત વેચવાની છે

ફ્લેટ વેચવાનો છે
3 BHK, 1800 Sq .ft, જૂની કપાત Glass Balcony, Fully Furnished, 303, સન વીલા એપાર્ટમેન્ટ, મકનજી પાર્ક, અડાજણ રોડ. 9825187098, 9879661999

નોકરી વિષયક

અમારે સાફ સફાઇ
થતા બાથરૂમ ધોવા માટે મહિલા કે પુરુષની જરૂર છે સમય સવારે 8 વાગેથી સાંજે 5 વાગે સુધી પગાર વ્યવસ્થિત આપીશું. મો. નં. 9429618212

1BHK & 2BHK ફ્લેટ વેચાણથી આપવાના છે
ઉધના મેઇન રોડ ઉપર
99247 27555

વકીલ ઓફિસમાં
ગુજરાતી કોમ્પ્યુટર ટાઈપીસ્ટ જોઈએ છે. 302, દલાલ ચેમ્બર, બેજનજી કોટવાલ સ્ટ્રીટ, નાનપુરા, સુરત. ફોનઃ 0261- 2477178

અનુભવી લેડીઝ બ્યૂટીશયન
, લેડીઝ સલોનના સુરતમાં અલગ અલગ બ્રાંચમાં જોઈએ છે. 8690027337 (107)

Required Accountant
with Tally knowledge for reputed firm in udhna Surat Knowledge of GST & acounting work preferred Contact 8200994823 (102)

ફિઝિયોથેરાપી ક્લિનિક
માટે લેડીઝ / જેન્ટ્સ સ્ટાફ જોઇએ છે, પાલનપુર પાટિયા, રાંદેર રોડ, સુરત, 9104731600

સુરતના જાણકાર
બાઈક ધરાવતા અનુભવી સેલ્સમેન ઓર્ડર લેવા માટે જોઈએ છે. 9913397989

સ્ટાફ જોઈએ છે
CC TV ટેક્નિશિયન, વાયરમેન, ઈલેક્ટ્રિશિયન, વેલ્ડર, ફીટર, હેલ્પર, ડીલીવરી બોય. સારો પગાર. ઉધના ત્રણ રસ્તા ખાતે. Mo. 9714314000 (104)

WE REQUIRED
Fashion Designer, Assistant fashion Designer & Digital Marketing Executive Contact- 9510652173, 7990905516 (105)

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.